સાબર ડેરીના આદ્ય સ્થાપક સ્વ. પૂ. ભુરાદાદાની પૂણ્યતિથિ ચંદ્રાલા ખાતે ઉજવાઈ

(ધર્મેન્દ્ર મહેતા), ચંદ્રાલા, તા. ૫

શ્વેતક્રાંતિના સર્જક અને

સાબરડેરીના આદ્ય સ્થાપક સ્વ. પૂ. ભુરાદાદાની સત્તરમી પૂણ્યતિથિ તેમના જ હાથે વાવેલું અને આજે એક વટ વૃક્ષ બની ચુક્યુ છે એવા ઉમા સંસ્કાર તીર્થ ચંદ્રાલા ખાતે વિવિધસભર કાર્યક્રમો સાથે ભાવપૂર્ણ વાતાવરણમાં ઉજવાઈ ગઈ.

આ પ્રસંગે સૌ પ્રથમ ઉપસ્થિત સર્વ મહાનુભાવોએ તથા વિદ્યાર્થીનીઓએ સંકુલના પટાંગણમાં સ્થાપિત સ્વ. પૂ. ભુરાદાદાની પ્રતિમાને શ્રદ્ધા સુમન અર્પણ કરી ફૂલહાર પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પિ હતી.

બુધવારના રોજ શ્વેત ક્રાંતિના સર્જક અને સાબરડેરીના આદ્યસ્થાપક સ્વ. પૂ. ભુરાદાદાની પૂર્ણતિથિ પ્રસંગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ તેમજ આજુબાજુના વિસ્તારોના દર્દી ભાઈ બહેનોનો ઉપચાર સર્વરોગના નિષ્ણાત સેવાભાવી ડોક્ટરોના સહયોગથી વિવિધ સર્વરોગ નિદાન કેમ્પ આયોજીત થયો હતો. મુલ્યવાન ચંદનના છોડનો વૃક્ષારોપણ પણ આ પ્રસંગે ઉજવાયો હતો. આ પ્રસંગે ગામે ગામના અગ્રણી સામાજીક કાર્યકરો, સંસ્થાના અદ્યક્ષ શ્રી સી.કે. પટેલ, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, ગ્રામજનો અને સંકુલની નાની મોટી તમામ બાળાઓએ પૂષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમજ ચંદ્રાલા ગામના અને આજુબાજુના સેવાભાવી નવયુવાનોએ સ્વેચ્છાએ રક્તદાન કરી શ્રદ્ધાંજલિનું આદર્શ પૂર્ણ પાડ્યું હતું. ઉમા સંસ્કારતીર્થ સંકુલમાં જ અભ્યાસ કરીને આઈએએસની શ્રેષ્ઠ પદવી મેળવી સરકારના ઈન્કમટેક્ષ વિભાગના અધિકારી તરીકે સેવા આપતાં પટેલ ભૂમિકાબેન પુરૂષોત્તમભાઈએ આ પ્રસંગે ઉપસ્થિત રહી હૃદયસ્પર્શી વક્તવ્યમાં જણાવ્યું હતું કે શનિ-રવિમાં જી.પી.એસ.સી.ના ચાલતા વર્ગોમાં યથાયોગ્ય હાજર રહી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પડકારને જવલંત સફળતામાં ફેરવવા અને પોતાના જીવનના વિકાસમાં ઉમા સંસ્કાર તીર્થના મુખ્ય નોંધપાત્ર ફાળાની વાત કહી હતી. તેમજ દાદાની ઉણપથી શોક વ્યક્ત પણ કર્યો હતો.

તેમજ સ્વ. પૂજ્ય ભૂરાદાદાના માદરે વતન એવા ઘડકણ ખાતેની દાદાની સ્થાપિત પ્રતિમાને મોટા સમુહમાં ઉપસ્થિત સૌ ગ્રામજનોએ પૂષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ શાળાના પટાંગણમાં યોજાયેલ શ્રદ્ધાંજલિ સમારોહમાં પ્રોજેક્ટર ઉપર દાદાના વિવિધ ફોટોગ્રાફ્સ તથા ભૂતકાળના કાર્યક્રમોમાં તેમને કરેલ મનનીય પ્રવચનની લાક્ષણિક મુદ્દાઓનું રસપાન કરાવવામાં આવ્યું હતું. ઘડકણ ખાતેના સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ઉત્સાહી શિક્ષક નટુભાઈ પટેલે કર્યું હતું.

સ્વ. ભુરાદાદાની કર્મભૂમિ એવી આ બંને સંસ્થાઓમાં ઉપસ્થિત મહાનુભાવોએ દાદાની અવિસ્મરણીય સતકર્મોને સંભારણારૂપે યાદ કરતાં જણાવ્યું હતું કે સ્વ. પૂ. દાદાએ કહેલા અને અમલમાં મુકેલા કાર્યો જેવા કે 'દરેક સમાજ કુરિવાજો પાછળ નાણાંનો વ્યય કરવાને બદલે તે નાણાંનો કન્યા

કેળવણીમાં ઉપયોગ કરે.'

'ખેડૂત આબાદ તો દેશ આબાદ,' 'જમીન ત્યાં રહેઠાણ', 'વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો ઉપયોગ-પશુપાલનને પ્રાધાન્ય' 'ચેમ્બર ઓફ કોમર્સ હોય તો ચેમ્બર ઓફ એગ્રિકલ્ચર કેમ નહીં ?' તેવા વિચારથી તેઓએ ચેમ્બર ઓફ એગ્રિકલ્ચરની અમદાવાદ ખાતે સ્થાપના કરી હતી.

અને કહેતા કે 'હું ખેડુત છું એનુ મને ગૌરવ છે' તેમજ 'દરેક દિકરી ઝાંસીની રાણી અને જીજાબાઈ જેવા ગુણો ધરાવે'

કન્યા કેળવણીના પ્રખર હિમાયતી એવા સ્વ. પૂ. ભુરાદાદાના અધુરા સ્વપ્નોને તેમની આંગળી પકડીને ઉછળેલા એવા મનુભાઈ (પંચવટી) પૂ. દાદાના જ ચિંધેલા માર્ગે ચાલી યતકિંચિત પ્રયત્ન કરી રહ્યા છે.

આ પ્રસંગે અનેક મહાનુભાવોએ દાદાને ભીની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી. જેમાં ઘડકણ હાઈસ્કૂલના આચાર્ય દિપકભાઈ પટેલે દાદાની ઉણપ કદાપી પૂરી શકાય તેમ નથી પરંતુ તેમના અધુરા કાર્યોને આગળ ધપાવી પૂર્ણ કરી શકાય તેજ તેમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે તેમ જણાવ્યું હતું.

ભાવવિભોર બનેલા આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ થકી સ્વ. પૂ. ભૂરાદાદા હજુ પણ અનેકના દિલમાં જીવંત હોવાનું જણાઈ આવ્યું હતું.

હિંમતનગરની જીઆઈડીસીમાં કરંટ લાગતા મજૂર બેભાન

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરની જીઆઈડીસીમાં આવેલ હરિઓમ પ્લાસ્ટિક ફેક્ટરીમાં રવિવારના રોજ સવારે ૮ વાગેની આસપાસ કામ કરતો મજૂર ઉપેન્દ્રભાઈ જગદીશભાઈ પાસવાનને ઈલેક્ટ્રીક કરંટ લાગતાં પડી ગયો હતો. જેને તાત્કાલિક સારવાર માટે મેડીસ્ટાર હોસ્પિટલમાં ખસેડવાયો હતો. જ્યાં અર્ધ બેભાન અવસ્થામાં હોવાથી હોસ્પિટલના ડૉક્ટર જીગ્નેશ પટેલે હિંમતનગર ટાઉન પોલીસ મથકે સિવિલ વર્ધી નોંધાવી હતી. જેથી પોલીસે આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

ઓધવ વિદ્યા મંદિરનું ગૌરવ

ધનસુરા, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાનો ખેલ મહોત્સવ આમોદરા મુકામે યોજાયો હતો. ખેલ મહોત્સવમાં દોડ, ગોળાફેંક, ચક્રફેંક, લાંબીકૂદ અને વિઘ્ન દોડ જેવી અનેક રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ધનસુરા તાલુકાનો ખેલ મહોત્સવમાં અનેક રમતો યોજાઈ હતી જેમ કે દોડમાં ૧૦૦ થી ૪૦૦ મી., ૮૦૦મી. ગોળાફેંક, ચક્રફેંક, લાંબીકૂદ જેવી અનેક રમતોમાં બાળ વિભાગમાં ધનસુરાની ઓધવ વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારતા શાળા પરિવાર-સંચાલક મંડળે અભિનંદન પાઠવી જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવો તેવી શુભેચ્છા પાઠવી હતી.

ઈલોલ ગામ નજીક કાર ઝાડ સાથે અથડાતા એકનું મોત : પાંચને ઈજા



હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઈલોલ ગામ નજીક રવિવારે સવારે મોયદથી સમેશ્વર જઈ રહેલ કાર ઝાડ સાથે અથડાતા એકનું મોત નીપજ્યું હતુ, જ્યારે બે ગંભીર અને પાંચને ઈજાઓ થવા પામી હતી. બનાવ અંગે મોયદના હસમુખભાઈ બેચરભાઈ પટેલે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ગામના પટેલ પરિવારના ૩૦૦ થી વધુ સભ્યો શ્રાવણ મહિનામાં સમેશ્વર જઈ દર્શન કરી ઉજાણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ઉજાણીમાં રવિવારના રોજ મોયદના દશરથભાઈ વિઠ્ઠલભાઈ પટેલ પોતાના પરિવાર અને સંબંધીઓને સ્પાર્ક કાર નં. જીજે-૧૮-એચ-૬૨૧૭માં લઈને સમેશ્વર જઈ રહ્યા હતા. દરમિયાન સવારે ૧૦ વાગ્યાની આસપાસ હિંમતનગરથી ઈલોલ માર્ગ પર કેનાલ નજીક કાર ચાલકે અચાનક કાબુ ગુમાવતા કાર રોડ સાઈડે ઝાડ સાથે અથડાઈ જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેથી કારમાં મુસાફરી કરી રહેલા લોકો એકબીજા સાથે ટકરાઈને બહાર ફેંકાયા હતા. જેમાં સ્થળ પર એક ૧૭ વર્ષીય જીનલબેન રાજેશભાઈ પટેલનું ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું. જ્યારે સાત જણાને શરીરે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે એક મહિલા અને એક પુરૂષ ગંભીર ઈજાગ્રસ્તને અમદાવાદ ખસેડાયા હતા. જ્યારે બાકીના પાંચ હિંમતનગર સિવિલમાં સારવાર હેઠળ રખાયા હતા. અકસ્માતની જાણ હિંમતનગર ગ્રામ્ય પોલીસને થતા પી.એસ.આઈ. વી.એલ. બોડાણા ઘટના સ્થળે અને ત્યાંથી હિંમતનગર સિવિલમાં દોડી આવ્યા હતા. બનાવ અંગે મોયદના હસમુખભાઈ બેચરભાઈ પટેલની ફરિયાદ આધારે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડામાં ડીએચએમએસ ડીગ્રીવાળા ડૉક્ટર વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના ભિલોડામાં ડીએચએમએસની ડીગ્રી ધરાવતા ડૉક્ટર એલોપેથીક દવાઓ કરી દર્દીઓ સાથે ચેડા કરતા તેના વિરુધ્ધ ભિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ ભિલોડા તાલુકાના કિશનગઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર એચ.કે. ખરાડીએ ભિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ કે ભિલોડામાં પોતાની શાહ કલીનીક ધરાવતા ડૉ. જયેશકુમાર એસ. શાહ ડીએચએમએસ ડીગ્રી ધરાવતા ડૉક્ટર દર્દીઓને ગેરકાયદેસર એલોપેથીક દવાઓ આપી અને સારવાર કરી તેમજ પોતે જ વસ્તુને લગતી ડીગ્રી ન હોવાનું જાણવા છતાં ઉપરાંત ગાયનેક ડૉક્ટર નહિ હોવાં છતાં ડીલીવરી કરાવી માતા અને નવજાત શિશુ સાથે ચેડા કરી તેમજ બીજાને ચેપ લાગે તેવી બેકાળજી વાળી પ્રેકટીસ કરી દર્દીઓ સાથે ઠગાઈ કરતો હોવા અંગે ભિલોડા પોલીસ મથકે શનિવારના રોજ ડૉ. જયેશકુમાર એસ. શાહ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી પી.એસ.આઈ. બી.એ. સોલંકીએ મેડીકલ એકટની કલમ ૩૦, ૩૩ તથા ઈપીકો કલમ-૨૬૯, ૪૧૯ અને ૪૨૦ મુજબ ગુનો નોંધીન આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ અંબુજા ઔદ્યોગિક એકમથી ગ્રામજનો પરેશાન

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ગામની સીમમાં આવેલ અંબુજા ઔદ્યોગિક એકમમાં ગુજરાતી કર્મચારી તથા પરપ્રાંતિય કર્મચારીના વેતનમાં ફેરફાર જોવા મળ્યો છે. અંબુજા એકમના કારણે આજુ બાજુના ગામડાના લોકો જમીનમાં ધ્રુજારી અનુભવે છે. તેમજ હવા અને અવાજનું પ્રદુષણ ઓકતા એકમને બંધ કરાવવા માટે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતાં કોઈ નકકર પરિણામ ન સાંપડતા આજુબાજુના ગ્રામજનો હવે આ લડાઈ વધુ ઉગ્ર બનાવવાના મુડમાં જણાય છે.

પ્રાંતિજ તાલુકાના દલપુર ગામની સીમમાં આવેલ અંબુજા પાવર પ્લાન્ટ તેમજ ઔદ્યોગિક એકમમાં આજુબાજુ વિસ્તારના ગામડાના છોકરાઓ પ્લાન્ટ તૈયાર થયો ત્યારથી નોકરી કરે છે. ગુજરાતી નોકરીયાત યુવાન અને પરપ્રાંતિય યુવનોના પગારમાં ધરખમ તફાવત જોવા મળ્યો છે. અંબુજાના અધિકારીઓ દ્વારા જુઠ્ઠાણા બતાવી ગુજરાતી યુવાનોને ઓછું વેતન આપી ગુમરાહ કરે છે. આ યુવાનોને માનસિક ત્રાસ આપી નોકરી છોડવા મજબુર કરે છે. ગરીબ યુવાનો નોકરી છોડી માનસિક ત્રાસ અનુભવે છે. હમણાં જ પાંચ યુવાનોને નોકરીમાંથી કાઢી મૂકી ગુજરાતી યુવાનો ઉપર વેર વાળતા હોય તેવું લાગી રહ્યું છે.

અંબુજાના પાવર પ્લાન્ટની મોટી ચીમનીમાંથી બારીક રજકણો ઉડીને પાક પર જામી જતાં ખેતીનો પાક બગડે છે, તેમજ સતત અવાજથી આજુબાજુની જમીનમાં ધ્રુજારી આવે છે તેવું કિસાનો જણાવી રહ્યા છે. વિસ્તારમાંથી પસાર થતાં દુર્ગંધથી માથું ફાટી જા છે. અંબુજા પ્લાન્ટ નર્ક સમાન લાગે છે. અંબુજા એકમનું હવા અને અવાજનું પ્રદુષણ પણ વધી ગયું છે. અંબુજા પાવર પ્લાન્ટ બંધ થાય તે માટે ગામડાના માણસો બાંયો ચડાવી લડી લેવાના મુડમાં જણાય છે.

હિંમતનગરમાંથી ગુમ થયેલ માનસિક રોગથી પીડાતો યુવાન સુરતથી મળ્યો

હિંમતનગર, તા.૫

રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના ભટ્ટવાડા ગામના થાવરચંદ મીણાનો ૨૨ વર્ષીય પુત્ર વિનોદને માનસિક રોગથી પીડાતો હતો. જેને સારવાર માટે સાબરકાંઠા જિલ્લા મુખ્ય મથક હિંમતનગર શહેરની ઉપકાર હોસ્પિટલમાં તા. ૭ જુલાઈના રોજ સારવાર માટે દાખલ કરાયો હતો. જે વિનોદ તા. ૧૬મી જુલાઈના રોજ બપોરે ૧૨ વાગેના સુમારે હોસ્પિટલ માંથી ખાટલાની બાજુમાં બેઠેલ પિતા થાવરચંદને લાફો મારી પાડી દઈ નાસી ગયો હતો. ત્યારબાદ તેની શોધખોળ કરી હતી પરંતુ, કોઈ ભાળ ન મળતાં પિતા થાવરચંદ મીણાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ થાવરચંદ અને તેમના સંબંધીઓ માનસિક રોગથી પીડાતા પોતાના યુવાન પુત્રને શોધવા ફરી રહ્યા હતા. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકના મોતીપુરા વિસ્તારના બીટ જમાદાર હીરાભાઈ પાટીલ અને રમેશચંદ્ર સોલંકીએ જણાવેલ કે તા. ૩જી ઓગસ્ટના રોજ સાંજે ૫ વાગે સુરતથી આગળ ૧૦ કિ.મી. હાઈવે રોડ પર વિનોદ મળી આવ્યો હતો. જે વિનોદને લઈને પિતા થાવરચંદ મીણા તા. ૪ ઓગસ્ટને શનિવારના રોજ હિંમતનગર ટાઉન પોલીસ મથકે રજૂ કર્યો હતો.

ટોનર કાર્ટીજની ખરીદી અંગેની નિવિદા

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, પ્રથમ માળ, ગાંધીનગર નીચે દર્શાવેલ કંપનીના ટોનર કાર્ટીઝ ખરીદી કરવાની હોય રસ ધરાવતા ઉત્પાદકો /વિક્રેતાઓએ ભાવપત્રકો બંધ કવરમાં રજી.એ.ડી. / સ્પીડ પોસ્ટ ઉપરોક્ત સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દસ) સુધીમાં સાંજે ૫ વાગ્યા પહેલા મળી જાય તે રીતે મોકલવું તેમજ આવેલ ભાવપત્રક રદ કરવા બાબતનો અબાધિત અધિકાર કચેરીનો રહેશે અને તે અંગેના કારણો દર્શાવવામાં આવશે નહિં.

1. HP 1515N COLOUR LASER-540
2. HP 1515N COLOUR LASER-541
3. HP 1515N COLOUR LASER-542
4. HP 1515N COLOUR LASER-543
5. HP-1020-12-A
6. HP-6L-06-F
7. SAMSUNG-4824-209
8. SAMSUNG-ML-1911-MLT-1053 S
9. SAMSUNG-ML-2951-NDR-MLT D 103 L
10. BROTHER HL-5250 DN
11. SEROX-3117-MLT-108 (E)

સહી/-
કમિશનર

માહિતી/૧૦૦૯/૧૨-૧૩ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

હુવા રોડ પર ૧૨ જયોર્તિલીંગની પૂજા અને હવન યોજાયો. ડીસાના હુવા રોડ પર આવેલ કિશનલાલ લોધાના ફાર્મ હાઉસ ખાતે દર શ્રાવણ માસ નિમિત્તે ૧૨ જયોર્તિલીંગ બનાવી પૂજા અર્ચના કરવામાં આવે છે. આ વખતે પણ પૂજા અર્ચના તેમજ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરિવારના તમામ સભ્યોએ હવનમાં બેસી આહુતિ આપી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ, સંતો, મહંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સાંજે ભજન સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો. ઉપસ્થિત ધર્મ પ્રેમી જનતાએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ

અગત્યની જાહેરાત

મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ)ની જગ્યાના ઉમેદવારો જોગ પરિણામ અંગે અગત્યની જાહેરાત

બોર્ડ દ્વારા જાહેરાત ક્રમાંક :- જાહેરાત નં. ૧/૨૦૧૨-૧૨ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ) વર્ગ-૩ની જગ્યાઓ માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તા. ૧૫-૭-૨૦૧૨ના રોજ યોજવામાં આવેલ હતી. સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના પરિણામ આધારે તૈયાર કરાયેલ કોમન પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના ક્રમાનુસાર બેઠક નંબર અને જનરલ મેરીટ નંબર તેમજ કોમન પ્રતિક્ષાયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના ક્રમાનુસાર બેઠક નંબર અને પ્રતિક્ષાયાદી ક્રમ દર્શાવતી યાદી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઈટ www.panchayat.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. આ પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોએ ઓનલાઈન અરજીમાં આપેલ જિલ્લા પસંદગી ક્રમને ધ્યાને લઈ મેરીટ ક્રમ પ્રેફરન્સને આધારે જિલ્લા ફાળવણી કરવામાં આવશે. આ પરિણામ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી.એ. નં. ૧૨૫૩૭/૨૦૧૧માં તેમજ અન્ય કેસો (જો કોઈ હોય તો)માં જે આખરી ચુકાદો આવે તેને આધિન રહેશે.

તારીખ : ૪-૮-૨૦૧૨ સહી/-
સ્થળ : અમદાવાદ સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,
ક્રમાંક/સંમાનિ/અબદ/૯૦૬/૨૦૧૨ અમદાવાદ

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
અલ્તાફ શેખ	મોડાસા	૯૯૯૮૮૯૮૬૭૮
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
રમેશચંદ્ર ચોક્સી	શામળાજી	૯૪૨૭૫૨૮૯૪૧

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન